અપીલ અરજી નં.૩૮૬ તા.૧૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)પંચશીલ બેંકની બાજુમાં સોસીયો સર્કલ કોર્નરવાળી ઈમારતની બાજુમાં હાલમાં બાંધકામ ચાલુ છે ઉપરોકત સ્થળ પર ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવી કે વિકાસ પરવાનગી કે રજાચિઠ્ઠી આપેલ હોય તો વિગતવાર માહિતી નકલો સહિત આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૬/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)પંચશીલ બેંકની બાજુમાં સોસીયો સર્કલ કોર્નરવાળી ઈમારતની બાજુમાં હાલમાં બાંધકામ ચાલુ છે ઉપરોકત સ્થળ પર ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવી કે વિકાસ પરવાનગી કે રજાચિઠ્ઠી આપેલ હોય તો વિગતવાર માહિતી નકલો સહિત આપવી. વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૮૮૬ તા. ૨૫–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાંધકામ–પરમીશન ગેરકાયદે રજીસ્ટર આધારિત નકલ સહ હકીકત દફતરી વિગત સ્પષ્ટ કરવા સાથે,** વધુમાં રીપેરીંગ અંગે પરમીશન લેવાની આવશ્યકતા અંગે વૈધાનિક– નિયમોની જોગવાઈ પણ નકલ સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૫ તા.૧૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા. ૨૫–૧૦–૧૧ના રીનોવેશનના પ્રત્યુત્તર બાદ તેમજ દસ્તાવેજની નકલો આપેલ હોવા છતાં કયા મુદ્દા પરત્વે શી નારાજગી છે? ખોટી માહિતી કે શંકા ઉપજાવે તેવા દાવાના સમર્થનમાં આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૯૮૨ તા.૨૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૮૬ તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ જેમાં અરજદારે પાના નં.૧૬ આપ્યાનો શેરો કરેલ છે તે અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્રમાંજ પૂર્તતા કરતી વિગતો જણાવતો પત્ર તા.૨૩–૧૧–૧૧ ના રોજ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩૦–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં. ૮૮૬ તા.૨૫–૧૦–૧૧ થી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.(૧) મુદ્દા નં.૧ માં વિકાસ પરવાનગી કે રીપેરીંગ પરવાનગી ન આપી હોવા છતાં તેમજ આ બાંધકામ વિરુધ્ધ કોઈ કાર્યવાહી ન થઈ હોવા છતાં જવાબદાર ડે.ઈજનેર જુ. ઈજનેરના નામની માહિતી તથા સ્થળ પર ડીસ્પ્લે વગેરેની માહિતી ન આપવાના કારણો તથા સ્થળ પર બાંધકામ ચાલુ હોવા છતાં ખોટી માહિતી આપવાના કારણો. અપીલના મુદ્દા નં.(૨) મુદ્દા નં.૨ માં માંગ્યા મુજબની માહિતી અઢાર મહિનાની હોવા છતાં ફકત છ જ વ્યકિતઓને નોટીસ આપી છે તે ખુબ જ શંકા ઉપજાવે અને ઘણી માહિતી છુપાવી હોવાના તેમજ આ મુદ્દામાં માંગ્યા મુજબ આજ સુધી વધુ કાર્યવાહી થયેલ નથી જેથી કાર્યવાહી ન કરનાર જવાબદાર બેદરકાર જુ. ઈજનેર, ડે.ઈજનેરના નામ સહિતની માહિતી નહીં આપવાના કારણો. જેમાં મુદ્દા નં.(૧)પંચશીલ બેંકની બાજુમાં સોસીયો સર્કલ કોર્નરવાળી ઈમારતની બાજુમાં હાલમાં બાંધકામ ચાલુ છે ઉપરોકત સ્થળ પર ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવી કે વિકાસ પરવાનગી કે રજાચિઠ્ઠી આપેલ હોય તો વિગતવાર માહિતી નકલો સહિત આપવી.જો બાંધકામ પરવાનગી વિના થઈ રહયુ હોય તો આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવી. તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો તે સંદર્ભે ડે.ઈજનેર તથા જુની. ઈજનેર કેટલી જવાબદારી બને છે તથા તેઓના નામ, સરનામા સહિતની માહિતી આપવી. બાંધકામ સ્થળ ઉપર ડીસ્પ્લે લાગેલ ન હોવાથી સ્પષ્ટ સરનામું લખાયેલ નથી જે

ડીસ્પ્લે લગાડવાનો બાંધકામ ધારકને આપના તંત્ર ધ્વારા જ કામગીરી કરવાની હોય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પંચશીલ બેંકની બાજુમાં સોસીયો સર્કલ કોર્નરવાળી મિલ્કતમાં હાલમાં કોઈ નવું બાંધકામ ચાલતું હોવાનું માલુમ પડેલ નથી સદરહુ મિલ્કતમાં હયાત બિલ્ડીંગમાં રીનોવેશન કામ ચાલતું હોવાનું ધ્યાને આવેલ છે. તે અંગે રીપેરીંગની કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) અઠવાઝોન ધ્વારા તા.૧–૪–૧૦ થી ૩૦–૯–૧૧ સુધી ગેરકાયદે બાંધકામ ધારકને નોટીસ આપેલ હોય અને આજ સુધી વધુ કાર્યવાહી ન થયેલ હોય તેવી નોટીસોની નકલો આપવી તથા કાર્યવાહી ન કરનાર બેદરકાર જુ.ઈજનેર, ડે. ઈજનેરના નામ સહિતની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં દર્શાવ્યા મુજબની એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૧૬) નકલના રૂા.૩૨/– (અંકોમાં કુલ બત્રીસ રૂપિયા પૂરા) અઠવાઝોન કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો માહિતીની નકલ મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પત્ર નં.૮૮૬ ની એકનોલેજમેન્ટ સ્લીપ ઉપર પાના નંગ–૧૬ આપ્યા. તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૦૧ તા.૫–૧૧–૧૧ થી બાકી રહેતી માહિતી પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ તેની નકલ અત્રે રજૂ કરેલ નથી. જયારે અરજદારે પૂરક માહિતી માં માંગ્યા મુજબની માહિતી ૧૮ મહીનાની હોવા છતાં છ જ વ્યકિતઓને નોટીસ અપાઈ છે તે માહિતી શંકા ઉપજાવે તેવી છે તેમજ પરવાનગી ન આપી હોવા છતાં જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા નહીં આપવાની તથા ડીસ્પ્લે અંગેનો ખુલાસો ન કરવાની નારાજગી દર્શાવેલ હોવાનું જણાવેલ છે. આમ અરજદારે અપીલમાં શંકા ઉપજાવે તેવું જણાવી અનુમાનિત કરેલ છે તે અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી વધુમાં અરજદારને મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારીએ રીનોવેશન ચાલતું હોવાનું જણાવેલ છે અને તે અંગે રીપેરીંગની કોઈ પરવાનગી લેવામાં આવેલ ન હોવાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારની પરવાનગી બાબતે જાહેર માહિતી અધિકારીએ રીપેરીંગ હોવાનું તેમજ તે અંગે કોઈ અરજી કરેલ ન હોવાની વિગતો પૂરી પડાયેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી ઉપલબ્ધ હકીકત જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. તેમ છતાં અરજદારની ગેરકાયદેસર બાંધકામ અને ડીસ્પ્લેની બાબતેની રજૂઆત ધ્યાને લેતાં રીપેરીંગ અંગે પરમીશન લેવાની આવશ્યકતા અંગે વૈદ્યાનિક નિયમોની જોગવાઈ જણાવવાની રહે. જે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં માંગવા છતાં જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ ટાઉન પ્લાનીંગ મધયસ્થ શહેર વિકાસ વિભાગને આંશિક તબદીલ કર્યા હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ તે અંગેની મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેની કોઈ નકલ અત્રે રજૂ કરેલ નથી કે કઈ વિગત માટે તબદીલ કરવામાં આવેલ છે તે પણ જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી જ મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી પૂરી પડાયેલ છે અને તેના સંદર્ભે અરજદારે અપીલ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ માં બાંધકામ રીનોવેશનનું હોય તો તે અંગે રીપેરીંગ અંગેની પરમીશન લેવાની આવશ્યકતા અંગે વૈદ્યાનિક નિયમોની જોગવાઈ તેમજ તે અંગે ઉપસ્થિત થતી જવાબદારી અંગેની વિગતોની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અંગે અરજદારે આપેલ ૬ વ્યકિતઓની નોટીસની માહિતી શંકા ઉપજાવે તેવી હોવાની ઉપસ્થિત કરેલ ધારણાના ઉપલક્ષ્યમાં અરજદાર જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજ દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી તપાસણી કરી આપેલ માહિતીની ખરાઈ કરી શકે છે.અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ ,